## પ્રાંતિજના રસુલપુર ખાતે આયુર્વેદિક હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના રસુલપુર ખાતે આયુર્વેદિક હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમા ૨૦૦ થી વધુ લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો. જિલ્લા આયુર્વેદિક અધિકારી સાબરકાંઠા ના માર્ગદર્શન તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ અને એકલવ્ય ફાઉન્ડેશન પ્રાંતિજ ના સહયોગ થી પ્રાંતિજ તાલુકાના રસુલપુર ખાતે આયુર્વેદિક હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમા રસુલપુર તથા આજુબાજુમા રહેતા ૨૦૦ થી પણ વધારે લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો જેમા સાંધાનો વા , ઘૂંટણની તકલીફ, શ્વાસ ની તકલીફ, કબજિયાત, બીપી, ડાયાબિટીસ, એસિડિટી સહિત વિવિધ રોગોની સારવાર ઉપસ્થિત વૈધ તથા ડૉકટરો દ્વારા આપવામા આવી હતી જેમા વૈધ કિરીટભાઈ પટેલ, વૈધ કિંજલ ઓઝા , વૈધ નીતિબેન જાદવ, ડૉ.યતીનભાઈ જોશી ઉપસ્થિત રહીને સારવાર સહિત દવાઓ આપવામા આવી હતી તો આ પ્રસંગે મંગલોદય સેવા પ્રતિષ્ઠાન ના અધ્યક્ષ મહંત સુનિલદાસજી મહારાજ, એકલવ્ય ફાઉન્ડેશન ના ચેરમેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, ચિંતનભાઈ પટેલ સહિત રસુલપુર ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જાંબુડી હાઈસ્કુલમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી




હિંમતનગર તાલુકાની શ્રી જે.એમ.કોટડિયા સાર્વજનીક હાઈસ્કૂલ, જાંબુડી( રામપુર) ખાતે તાજેતરમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૪૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આચાર્ય,શિક્ષક,કલાર્ક, સેવક વગેરેની જવાબદારી નિભાવી હતી. આ પ્રસંગે આચાર્યની ભૂમિકા હર્ષ રાઠોડે નિભાવેલ હતી. આ પ્રસંગે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને આચાર્યશ્રી અજયસિંહ ચંપાવત તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## મહિલા ડૉકટરને ન્યાય સંદર્ભે ભિલોડા મામલતદારને આવેદનપત્ર



અમદાવાદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નરોડા અર્બન હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા મહિલા ડો.સોનલબેન પાંડોર પર નરોડા વિસ્તારના કોર્પોરેટર વિપુલ પટેલ ઉર્ફે સોમાભાઈ પટેલે ગેરકાયદેસર મંડળી બનાવી એક સંપ કરીને ડોક્ટરની ચાલુ ફરજ દરમિયાન જ્ઞાતિ વિરુદ્ધ ઉચ્ચારણ કર્યુ,હુમલો કર્યો,છેડતી કરી હતી.મંડળીના મળતીયાઓ સાથે મેળાપીપણામાં બોટલમાં ભરેલ ગંદુ પાણી પીવડાવેલ હતું.ખુન કરવાની ગર્ભિત ચિમકી ઉચ્ચારી હતી.આદિવાસી મહિલા ડોકટરની ચાલુ ફરજ દરમિયાન રૂકાવટ કરી અત્યાચાર ગુજારવા સંદર્ભે ન્યાય અપાવવા સંદર્ભે આદિવાસી ડુંગરી ગરાસિયા જનરલ પંચ અરવલ્લી - સાબરકાંઠાના હોદ્દેદારો અને સામાજીક આગેવાનો મણીલાલ અસારી,હિતેશભાઈ નિનામા,જશુભાઈ અસારી સહિત કાર્યકરો ધ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર સંજયભાઈ પટેલને આવેદન પત્ર અપાયું હતું. મહિલા ડોક્ટર પર અત્યાચાર ગુજારનાર કોર્પોરેટર અને તેના સાગરીતો મનિષ ભરવાડ સહિત અનેક વ્યક્તિઓએ એકમત થઈ નિષ્ઠુર કૃત્ય કરેલ હોય તે સંદર્ભે આદિવાસી સમાજમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે.હાલના તબ્બકે તપાસ કરતા અધિકારી પાસેથી તપાસ બદલીને નિષ્ઠાવાન,તટસ્થ અધિકારીને તપાસ કરવા,સીટની રચના કરી સીટના માર્ગદર્શન હેઠળ તપાસ કરાવવી જોઈએ,કેસ ફાસ્ટટ્રેક કોર્ટ ધ્વારા ચલાવવા માટે ભલામણ કરવા માટે બળવત્તર માંગ સાથે ન્યાયિક રજુઆત છે. આદિવાસી મહિલા પીડીત ડોક્ટર અને અમદાવાદ ખાતે રહેતા પરીવારને સરકારી ખર્ચે પોલીસ રક્ષણ આપવા સરકાર ધ્વારા આદેશ કરવા અપીલ કરાઈ હતી.સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલ આરોપીઓની તાત્કાલિક ધોરણે ધરપકડ થાય અને કડક સજા થાય તે સંદર્ભે રાજયપાલ ને સંબોધી આવેદન પત્ર અર્પણ કરાયું હતું.

## પ્રાંતિજ ખાતે મધ્યાન ભોજન કર્મચારીઓ દ્વારા પડતર માંગણીઓને લઈને આવેદનપત્ર આપ્યુ



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે મધ્યાન ભોજન કર્મચારીઓ દ્વારા તેવોની વિવિધ પડતર માંગણીઓને લઈ ને પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ ને આવેદનપત્ર સુપ્રત કર્યુ. ચુંટણી નજીક આવતા વિવિધ કર્મચારી મંડળ સંગઠનો દ્વારા પોતાની પડતર માંગણીઓ ને લઈ ને હાલ સરકાર સામે બાયો ચડાવી છે અને ધરણા તેમજ હડતાલ પણ જોવા મળી રહ્યા છે ત્યારે પ્રાંતિજ ખાતે મધ્યાન ભોજન યોજના ના કર્મચારીઓ પણ પોતાની પડતર માંગણીઓ અંગે ધરણા તેમજ અચોક્કસ મુદત માટે કેન્દ્ર બંધ રાખવા બાબતે સહિત તેવોની વિવિધ માંગણીઓને લઈ ને પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈ ને પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ ને આવેદનપત્ર આપ્યુ હતુ અને મૌખિક રજુઆતો પણ કરી હતી જેમા પ્રાંતિજ તાલુકા મધ્યાન ભોજનના કર્મચારી મંડળના પ્રમુખ મંત્રી સહિત કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# વિધાનસભા ચૂંટણી : ઈડર બેઠકના ઓનલાઈન ઈ-સર્વેમાં રમણલાલ વોરાની લોકપ્રિયતા અકબંધ

## વર્તમાન ધારાસભ્યની કામગીરી સામે વ્યાપક નારાજગીનો સૂર

હિંમતનગર, તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ગમે ત્યારે જાહેર થઈ શકે છે. ભાજપમાં મોટાપાયે ફેરબદલાવની ચર્ચા જામી છે ત્યારે ઈડર વિધાનસભા બેઠકમાં પ્રાઈવેટ એજન્સી દ્વારા થયેલા ઓનલાઈન ઈ-સર્વેમાં વર્તમાન ધારાસભ્ય હિતુ કનોડીયાની કામગીરી સામે નારાજગીનો સૂર છૂપો રહ્યો નથી. જ્યારે ઈ-સર્વેમાં પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરાની લોકપ્રિયતા અકબંધ હોવાનું બહાર આવ્યું છે. આ જોતાં પક્ષ દ્વારા ફરી એકવાર ઈડરીયો ગઢ જીતવા રમણલાલ વોરાને મેદાનમાં ઉતારાય તેવી સંભાવના વધી છે.

### પૂર્વ ધારાસભ્ય છતાં સતત મત વિસ્તારમાં હાજરી

ચૂંટણીમાં તો જીત્યા પછી અનેક ધારાસભ્યો મત વિસ્તારની મુલાકાત તો ઠીક પરંતુ મોબાઈલ પણ ઉપાડતા નથી આ સંજોગોમાં પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરા છેલ્લા ૫ વર્ષથી ઈડર-વડાલી મત વિસ્તારની સતત મુલાકાત લેવાની સાથે આ વિસ્તારની પ્રજાને પીવાના પાણી, ખેડૂતો માટે સિંચાઈ યોજના, વીજળી અને વિકાસના કામોની ચિંતા કરી સરકારમાં તબક્કાવાર રજૂઆત કરી તેના ઉકેલ પણ લાવ્યા છે અને તેના કારણે જ પૂર્વ ધારાસભ્યની લોકચાહના અકબંધ જોવા મળી રહી છે.

### ઈડરમાં ત્રિ-પાંખિયો જંગ જામશે

ઈડર (એસ.સી.) વિધાનસભા બેઠકમાં આ વખતે ભાજપ-કોંગ્રેસ ઉપરાંત આમઆદમી પાર્ટી વચ્ચે જંગ જામવાનો છે આ સંજોગોમાં ભાજપે મજબૂત ઉમેદવારને મેદાનમાં ઉતારવા અનિવાર્ય છે. અન્યથા બેઠક સંકટમાં આવી શકે છે. આમઆદમી પાર્ટી દ્વારા મૂકેશ સૂતરીયાને મેદાનમાં ઉતારાય તેવી સંભાવના પણ સ્થાનિકોએ વ્યક્ત કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા ૫ વર્ષ દરમ્યાન સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોનો વિકાસ રૂંધાયેલો જોવા મળ્યો. ગાંધીનગરમાં અવાજ સંભળાતો ન હોવાની હૈયાવરાળ અત્ર, તત્ર, સર્વત્ર સાંભળવા મળતી હતી. ઈડર વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા રમણલાલ વોરા રાજ્ય સરકારમાં ૨૨ વર્ષ સુધી કેબિનેટ મંત્રી અને ત્યાર પછી



વિધાનસભાના અધ્યક્ષ તરીકે નેત્ર દિપક કામગીરી કરી હતી પરંતુ વર્ષ-૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આંતરીક અસંતોષને ઠારવા તેમને સુરેન્દ્રનગરની દસાડા બેઠક ઉપર પક્ષ દ્વારા ચૂંટણી લડવાનો આદેશ કરાયો હતો. જ્યારે ઈડર વિધાનસભા બેઠક ઉપર ગુજરાતી ફિલ્મના કલાકાર હિતુ કનોડીયાને મેદાનમાં ઉતારી ભાજપ દ્વારા જીત મેળવાઈ પરંતુ પાછલા ૫ વર્ષ દરમ્યાન જે રીતે મત વિસ્તારનો વિકાસ ધારણા પ્રમાણે થયો નથી તેનાથી અનેક વિસ્તારોમાં વર્તમાન ધારાસભ્યની નબળી કામગીરી સામે નારાજગીનો સૂર પણ જોવા મળ્યો છે. દર વખતે વિધાનસભા ચૂંટણી આવે ત્યારે પ્રાઈવેટ એજન્સી દ્વારા ઓનલાઈન ઈ-સર્વે કરાતો હોય છે. વિધાનસભા મતક્ષેત્રના ઓનલાઈન ઈ-સર્વેમાં જાગૃત મતદારો અને પ્રબુધ નાગરિકોએ આ વખતની વિધાનસભા ચૂંટણીમાં પોતાના પ્રથમ પસંદગીના ઉમેદવાર પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરા હોવાનું જણાવ્યું છે. કેટલાક મતદારો, લોકોએ તો તેમને એક સફળ સેવક તરીકે ઉપમા પણ આપી છે. ત્યારે પક્ષની નેતાગીરી ફરી એકવાર ઈડર બેઠક ઉપર રમણલાલ વોરાને મેદાનમાં ઉતારશે તો ઈડરીયોગઢ અકબંધ રહેશે તેવું ખૂલીને બોલી રહ્યા છે.

# અરવલ્લીના ગાબટના માહિર પટેલ જેઈઈ એડવાન્સ પરીક્ષામાં ૭૬મા રેન્ક સાથે ઈતિહાસ રચ્યો

## ગાબટ ગામના નામે વધુ એક સિદ્ધિ, આઈ.આઈ.ટી.માં કોમ્પ્યુટર સાયન્સમાં પ્રવેશ મેળવી દેશની સેવા કરવાનો મક્કમ ઈરાદો

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૧૩

જેઈઈ એડવાન્સ પરીક્ષાનું નામ પડે એટલે છાત્રોમાં ઉત્તિર્ણ થશું કે કેમ..?? તેવો ડર રહેતો હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ગાબટના અને અમદાવાદના બોપલ વિસ્તારમાં સ્થાયી થયેલા માહિર ડૉ.સંતોષ રતિલાલ પટેલે સમગ્ર દેશમાં ૭૬મા રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ ઈતિહાસ રચ્યો છે. તેજસ્વી છાત્રએ આઈ.આઈ.ટી.માં કોમ્પ્યુટર સાયન્સમાં પ્રવેશ મેળવી દેશની સેવા કરવાનો પોતાનો મક્કમ ઈરાદો વ્યક્ત કર્યો છે. આવનારા સમયમાં ગાબટ ગામના ઈતિહાસમાં વધુ એક મોરપીંછ ઉમેરાવા જઈ રહ્યું છે.



ગાબટ ગામ સમગ્ર દેશમાં જાણીતું છે ગાબટ ગામના કે.કે.શાહ તામિલનાડુંના રાજ્યપાલ તરીકે પદ્મનામીત થયા ત્યારે રાજ્યના ઈતિહાસમાં તેમનું નામ સુવર્ણ અક્ષરે અંકાયું હતું ત્યારબાદ આજ ગામની દિકરી સોનલ શાહ અમેરીકી પ્રેસીડેન્ટ બરાક ઓબામાની સલાહકાર કમીટીમાં સ્થાન મેળવ્યું હતું. ગાબટ ગામે ખ્યાતનામ ઈજનેર, ડૉક્ટર, શિક્ષકો અને પશુપાલકો આપ્યા છે અને હવે ગાબટના ઝળહળતા ઈતિહાસમાં માહિર પટેલ એક નવું નામ ઉમેરાયું છે. તાજેતરમાં જેઈઈ એડવાન્સ-૨૦૨૨ નું પરિણામ જાહેર થયું. જેમાં અમદાવાદના બોથરા ક્લાસીસમાંથી કોચિંગ મેળવનાર ગાબટનો માહિર પટેલ સમગ્ર દેશમાં ૭૬મા રેન્ક સાથે ઉત્તિર્ણ થઈને ઈતિહાસ રચતાં સાઠંબા બેતાલીસ કડવાપાટીદાર સમાજમાં ખુશાલી છવાઈ છે. માહિર પટેલના પિતા ડૉ.સંતોષ પટેલ અને માતા યામીના પટેલે દિકરાની સફળતા ઉપર ગૌરવ વ્યક્ત કર્યું છે અને આવનારા દિવસોમાં ગાબટ અને અરવલ્લી જિલ્લાનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કરશે તેવું જણાવ્યું છે. સાઠંબા બેતાલીસ કડવા પાટીદાર સમાજના અધ્યક્ષ ડી.એન.પાટેલ(નિવૃત્ત ઈજનેર)(હઠીપુરાવાળા), નિરૂબેન પટેલ, ગાબટના નિવૃત્ત શિક્ષક રતિભાઈ રેવાભાઈ પટેલે પૌત્રની વિરાટ સિદ્ધિ બદલ ગૌરવ વ્યક્ત કર્યું હતું અને તેને આશીર્વાદ આપતાં જણાવ્યું કે માં ઉમિયા માહિરની તમામ ઈચ્છા પરીપૂર્ણ કરે. જ્યારે માહિરના કાકા ડૉ.રવિન્દ્રભાઈ પટેલ(પશુ ચિકિત્સા અધિકારી), મીનાબેન પટેલ(પ્રા.શિક્ષક : બોરટીંબા પ્રા.શાળા)એ જણાવ્યું કે પ્રથમથી જ અભ્યાસમાં તેજસ્વી માહિરની ઈચ્છા આઈ.આઈ.ટી.માં પ્રવેશ મેળવવાનો હતો અને તેની કઠોર મહેનતથી તેની ઈચ્છા પરીપૂર્ણ થઈ છે. ફરી એકવાર ગાબટ ગામના તેજસ્વી છાત્રએ સમગ્ર દેશમાં અરવલ્લી જિલ્લાનું નામ ગૌરવવંતુ બનાવ્યું છે. સમાજના આગેવાનો સહિત અન્ય સમાજે પણ માહિર પટેલની વિશિષ્ટ સિદ્ધિ બદલ ગર્વ અનુભવી રહ્યા છે.

## અખંડ ભારત એ કોઈ કલ્પના નથી પણ એક હકીકત છે

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ .....?

બાયડ તા.૧૩

આ અગાઉ પણ અખંડ ભારત વિશે ખૂબ ચર્ચા થઈ છે પણ "અખંડ ભારત" એ કોઈ કલ્પના નથી પણ એક હકીકત છે!! વર્ષો પહેલાથી ભારતને એક "ભારત વર્ષ" એવા મહાદ્વીપ એટલે કે ખંડ તરીકે ઓળખવામાં આવતું... ભારત નામ પૃથ્વીના ઉત્પત્તિ કાળથી છે અને જ્યાં પૃથ્વી ઉપર માનવ વસવાટ સરળતાથી શક્ય હતો તે હિમાલય અને હિન્દ મહાસાગર વચ્ચેનો પ્રદેશ "ભારત વર્ષ" તરીકે ઓળખાતો!! ભારત વર્ષમાં અનેક નાના મોટા રજવાડા મોજુદ હતા, સૌ પોતપોતાની રીતે અસ્તિત્વ ધરાવતા હતા પણ સૌ આજના દિલ્હી એટલેકે હસ્તિનાપુર રાજની વિચારધારાને સમર્પિત પણ હતા!! આ છે "અખંડ ભારત" ની પરિકલ્પના.... વિચારધારાથી એક પણ વહીવટની રીતે સૌ પોતપોતાની રીતે બિલકુલ સ્વતંત્ર!! આવી વિચારધારા અખંડ ભારતમાં જ હોઈ શકે!!

લોકોને ૨૦૦ કરોડ જૂનો ઈતિહાસ ભલે યાદ ના હોય પણ ભારત એવી ભૂમિ છે કે જેને હમેશા વિશ્વને હમેશા એકતા અને વિચારોમાં સમાનતાનો સુંદર સંદેશ આપ્યો છે તે અવસ્ય યાદ રહેવું જોઈએ. "ભારત વર્ષ અને તેની મહાસત્તા સમાન ભારતે ક્યારેય કોઈ રાજસત્તાને કચડી નથી પરંતુ હા, સમય સમયે જે તે કાળમાં વિચલિત થયેલ અને વિચારધારાથી ભટકેલી રાજસત્તાઓને યોગ્ય ભાન જરૂર કરાવ્યું છે...." જરાસંધને હરાવવો, મથુરાની ગાદી ઉપરથી કંસને હણવો કે રામયુગમાં લંકા ઉપરથી રાવણને હણવો અને તેમના જ કૂળના યોગ્ય પુરુષને ત્યાંની સત્તા સોંપવી એ ઉદાર મતવાદી ભારતીય વિચારધારા જ કરી શકે!! આ છે સાચું અખંડ ભારત!! જ્યાં સત્તાનો કોઈ મોહ નથી પણ વિચારધારાને મહત્વ હતું, છે અને રહેશે... જ્યાં સ્ત્રી સન્નમાન, ગૌ રક્ષા, માનવતા અને સદભાવના લોહીમાં ધબકતી હતી.

આજે વિશ્વ બિનસાંપ્રદાયિકતાની વાતો કરે છે અને એ બિનસાંપ્રદાયિક શબ્દને ખભે લઈને મૂર્ખ કોંગ્રેસ ફરતી દેખાય છે.... તેમને ક્યાં ખબર છે કે આદિ અનાદિકાળથી અખંડ ભારત સૌ સંપ્રદાયને આદર કરતું રહેલું છે પણ સૌનો ધર્મ તો ધર્મનો પર્યાય એટલે કે "હિન્દૂ" જ છે!! અખંડ ભારત એટલે વિચારોમાં સમાનતા!! આચરણ, વ્યવહારમાં એકરૂપતા અને તેનો અદભુત પરિચય એટલે અખંડ ભારત... ભારતમાં યુગે યુગે ભગવાને જન્મ લીધો છે એવું કહીએ તો કેટલાકને ચમરી ચડી જાય છે!! કે શું ભારત સિવાય બીજી કોઈ ભૂમિ ભગવાનને નહિ ગમી હોય?? આવા તમામ ચમરબંદીઓ અને ઈતિહાસના ટૂંકા અભ્યાસીઓને પૂરો ઈતિહાસ ખબર જ નથી.... "માનવયુગનો ઈતિહાસ ૨૦૦-૫૦૦ વર્ષનો નથી, ૨૦૦ કરોડ વર્ષ જૂનો ઈતિહાસ છે અને તે જાણવા સમજવા વિશ્વના ઈતિહાસ સિવાય વિશ્વની ભૂગોળ પણ ખબર હોવી જોઈએ!!"

દસ અવતારની વાત ખૂબ નિરાલી છે. છેલ્લે ૫૦૦૦ વર્ષ પૂર્વ કૃષ્ણનો અવતાર થયો... જ્યારથી પૃથ્વી ઉત્પત્તિ થઈ ત્યારથી માનવ વસવાટ માટે હિન્દ મહાસાગર અને હિમાલય વચ્ચેનો પટ એટલે કે ભૌગોલિક રીતે મોસમી પવનોનો પ્રદેશ જ યોગ્ય ભૂમિ નિશ્ચિત થયેલ હતો. અને માનવ વસ્તી કરોડો વર્ષોથી આ પટ ઉપરજ પ્રાગરી હતી!! જે આજનો એશિયા ખંડ છે, અને મહદ અંશે આપણું અખંડ ભારત!! યુરોપ, અમેરિકા, આફ્રિકા કે ઓસ્ટ્રેલિયાને ૩૦૦૦ વર્ષ પૂર્વે માનવ વસવાટ માટે ક્યારેય યોગ્ય નથી ગણાયું તે આપણે ના ભૂલવું જોઈએ!! એટલે જ દસ અવતાર લેનાર કોઈ ઈશ્વરિય શક્તિ એ અખંડ ભારત સિવાય બીજે ક્યાંય જન્મ નથી લીધો... સીધું લોજીક છે ૫૦૦૦ વર્ષ પહેલાં જન્મ લેનાર અને સંસ્કૃતિનું કારણ બનનાર કોઈપણ મહાપુરુષ માનવ વસ્તીમાંજ જન્મ લે!! ૫૦૦૦ વર્ષ પૂર્વે ભારત ભૂમિ સિવાય કોઈ અન્ય ભૂમિમાં માનવ વસ્તી હોય તેવું ઉદાહરણ હોય તો તે બતાવી શકે છે??

ટી.વી. ઉપર બેસીને અખંડ ભારતની વાતો કરવી અને વિશ્વમાં ભારતનો ઉપહાસ કરવો એ જાણે ફેશન થઈ ગઈ છે!! જેમને ખાવા-પીવાની, બેસવા -ઉઠવાની કે વાણી-વર્તનની જ ખબર નથી તેવી સભ્યતાને વરેલા ઈતિહાસકારો, વિદેશીઓ કે જે તે રાજકીય પક્ષોને ભારત કે અખંડ ભારત ઉપર ડિબેટ કરવા માટે વધુ અભ્યાસની જરૂર છે તેવું થર્ડ અમ્પાયરનું માનવું છે

## ભિલોડાના ભુતાવડ પાટીયા પાસે કાર અને રીક્ષા સામ સામે ધડાકભેર ટકરાતા એક યુવાન ગંભીર રીતે ઘવાયો

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ખાનગી વાહન ચાલકો માંતેલા સાંઢની માફક બેફામ રીતે વાહનો હંકારતા વારંવાર ધોરીમાર્ગ પર જીવલેણ અકસ્માતો સર્જાઈ રહ્યા છે.પોલીસ તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ભિલોડાના ભુતાવડ પાટીયા પાસે ધોરીમાર્ગ પર અજાણ્યા કાર ચાલકે તેના કબજાની મારૂતી અર્ટીકા કાર નંબર. GJ.18.BP.5964 ના ચાલકે ગફલતભરી રીતે પુરપાટ ઝડપે કાર હંકારતા બજાજની C.N.G રીક્ષા નંબર. G.J.09.AX.2076 ને ધડાકભેર ટક્કર મારતા હાથીયા ગામના રોહિત અરવિંદભાઈ બોડાતના હોઠ ફાટી ગયેલ અને જીભ ફાટી ગયેલ છે. માથાના ભાગે,શરીર પર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે તાત્કાલિક ધોરણે કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા.કાર ચાલક અકસ્માત બાદ કાર મુકીને પલાયન થઈ ગયેલ છે.હાથીયા ગામના ખેડૂત અરવિંદભાઈ થાવરાજી બોડાતે અકસ્માતના બનાવ સંદર્ભે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસાના ૧૫ સાઈક્લીસ્ટ બે દિવસમાં સાળંગપુર હનુમાનજી મંદિર પહોંચ્યા

ડીસા, તા. ૧૩

ડીસાના સાઈકલીંગ લવર્સ ગ્રુપના ૧૫ મિત્રો માત્ર ૨ દિવસમાં ડીસાથી ૩૦૦ કિ.મી. નુ અંતર કાપી સાળંગપુર દાદાના ધામે પહોંચ્યા હતા




.ધોમધખતા તાપ અને ગરમીમાં પણ તમામ સાઈકલીસ્ટો જય શ્રી રામ ,જય બજરંગ બલીના નાદ સાથે આ યાત્રા પુર્ણ કરી હતી.સાયકલ યાત્રાનો ઉદ્દેશ લોકોમાં સાઈકલીંગ પ્રત્યે જાગ્રુતિ આવે અને દરેક વ્યકતિ ‘‘ક્લીન ઈંડીયા ,ગ્રીન ઈંડીયા ‘‘ના આ ગ્રુપના મંત્રને પોતાના જીવનનો ભાગ બનાવે તેવી અપીલ કરી હતી. સાઈક્લીંગ લવર્સ ગ્રુપના આ મિત્રો અગાઉ પણ આવી લોંગ ડીસ્ટન્સની યાત્રા કરી ચુક્યા છે અને રોજિંદી ૩૦ કિ.મી. સાઈકલ ચલાવે છે.

# સાબરકાંઠામાં લમ્પીના કહેરના ક્રૂરપંજામાં ગાયનાં ટપોટપ મોત, સીમાડાઓમાં મૃત ગાયોના ઢગ ખડકાયા

## સંવાડા ઉભાં થઈ જાય તેવા દ્રશ્યોએ તંત્રની પોલ ખોલી

બાયડ (બૂરો ઓફિસ), તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં લમ્પી રોગથી ગાયોના ટપોટપ મોત નિપજી રહ્યા છે. સીમાડાઓમાં મૃત ગાયોના ઢગ ખડકાયા છે. પશુપાલકો લમ્પીનો રોગ વકર્યો હોવાનું કહી રહ્યા છે છતાં પશુપાલન વિભાગ ચોમાસામાં ગૌ વંશના સ્વાભાવિક હોવાનું કહી બેકાબ બનેલા લમ્પી ઉપર પડદો પાડી રહ્યું છે.



જિલ્લામાં લમ્પીના રોગચાળામાં પોશીના, ખેડબ્રહ્મા અને હિંમતનગર તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોના સીમાડાઓમાં રઝળતા પશુના મૃતદેહે તંત્રની પોલ ખોલી નાખી છે.

લમ્પી વાયરસે દેશમાં હાહાકાર મચાવી દીધો છે. ૫૮ હજાર ગાયોના અત્યાર સુધીમાં મોત નિપજ્યાનું બહાર આવ્યા પછી સાબરકાંઠા જિલ્લામાં પણ લમ્પી રોગનો કહેર યથાવત રહ્યો છે પશુપાલન વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તાબડતોબ રસીકરણ શરુ કરવામાં આવ્યું હોવાની વાતો વચ્ચે અંતરીયાળ ગામો સુધી લમ્પીનો રોગચાળો બમણા વેગથી ફેલાયો છે જેમાં ખાસ કરીને ગ વંશ લમ્પીના રોગમાં વધુ સપડાયા છે. પશુપાલન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં લમ્પીના રોગથી માત્ર ૭૪ પશુઓના મોત નિપજ્યાની વાતો કરવામાં આવી રહી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારના સીમાડાઓમાં રઝળતા પશુઓના મૃતદેહ લમ્પી બેકાબુ હોવાની ગવાહી આપી રહ્યા છે. જિલ્લાના પોશીના તાલુકાના દેમતી, વિંછી, વિરાફળી, કોટડા, કુકડી, મથાસરા, જોટાસણ, દોડ, ટેબડા, દેડકા અને ખેડબ્રહ્મા તાલુકાના બાવળકાંઠીયા, ભરમીયા, પાટડીયા, ચિત્રોડી, નવામોટા, ચાંગોદ, રતનપુર, સૂકાઆંબા, મીઠીબલી, કંડા, ખેડવા અને ધોઈ સહિતના વિસ્તારોમાં લમ્પી રોગચાળાનો ફેલાવો થયા પછી અસંખ્ય પશુઓના મોત નિપજ્યા છે અને મૃત પશુઓના હાડપીંજર સીમાડાઓમાં સડી રહ્યાં છે. તંત્ર આદિવાસી વિસ્તારોમાં લમ્પી રોગચાળો અંકુશમાં હોવાનું ગાણું ગાઈ રહ્યું છે પરંતુ પશુઓના મૃતદેહ જોતાં આ વિસ્તારમાં લમ્પી રોગચાળો પશુઓ ઉપર કહેર બનીને વરસ્યો છે. આ ઉપરાંત હિંમતનગર તાલુકાના જવાનપુરા વિસ્તારમાં દોઢ મહિનામાં ૫૦ થી પણ વધુ ગાયોના લમ્પી રોગચાળાએ ભોગ લીધાની વાતો પશુપાલકોમાંથી બહાર આવી છે. ગામના સીમાડામાં પ્રવેશતાં મૃત પશુઓના ઢગ જોઈ સંવાડાં ઉભાં થઈ જાય તેવા દ્રશ્યોએ અનેક લોકોને હચમચાવી નાખ્યા છે. જિલ્લામાં છેલ્લા બે મહિનાથી ગ્રામ્ય વિસ્તારોમાં લમ્પીનો રોગચાળો બેકાબુ બન્યો છે. ખાસ કરીને ગાયોમાં જોવા મળેલ લમ્પી રોગચાળામાં હવે ખેત ઉપયોગી પશુઓ પણ આ રોગની ઝપેટમાં આવી રહ્યાં છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં લમ્પીગ્રસ્ત પશુઓના મૃતદેહનો યોગ્ય રીતે નિકાલ કરવાને બદલે ખુલ્લામાં ફેંકી દેવાતાં રોડની આસપાસ કમકમાટી ઉપજે તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સીમાડાઓમાં મૃત પશુઓના ઢગલે ઢગલા ખડકાઈ રહ્યા છે ત્યાં પશુપાલન વિભાગ ચોમાસાની સીઝનમાં પશુઓનો મૃત્યુ સ્વાભાવિક હોવાનું ગાણું ગાઈ રહ્યું છે. લમ્પી રોગચાળાએ ગામડાઓમાં પશુઓનો કચ્ચરઘાણ કાઢતાં માત્ર ને માત્ર પશુપાલનના વ્યવસાય ઉપર જીવન નિર્વાહ કરતા પરિવારોની હાલત અત્યંત દયનીય બની છે.

### મૃત પશુઓ ખુલ્લામાં ફેંકી દેવાતાં રોગચાળાની દહેશત

પશુઓમાં ફેલાયેલા લમ્પી રોગચાળા વચ્ચે સાબરકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં ટપોટપ પશુઓના મોત નિપજતાં પશુપાલકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. શંકાસ્પદ લમ્પીમાં પટકાયેલા પશુઓ મૃત્યુ પામ્યા પછી ખુલ્લામાં પશુઓના મૃતદેહ ફેંકી દેવાતાં સીમાડા દુર્ગંધથી ગંધાઈ ઉઠયા છે. જ્યારે મૃત પશુઓનો યોગ્ય નિકાલ ન થતાં રોગચાળો ફાટી નિકળવાની દહેશત વ્યક્ત થઈ છે.

### ચોમાસામાં પશુઓના મૃત્યુ સ્વાભાવિક – પશુપાલન વિભાગ

જિલ્લામાં લમ્પીનો રોગ કહેર બનીને વરસી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં અસંખ્ય પશુઓના મોત નિપજતાં સીમાડા પશુઓના મૃતદેહથી ગંધાઈ ઉઠ્યા છે ત્યારે જિલ્લા પશુપાલન વિભાગે જણાવ્યું કે ચોમાસામાં પશુઓના મૃત્યુ સ્વાભાવિક છે. તંત્ર દ્વારા પશુઓમાં રસીકરણ અસરકારક રીતે કરવામાં આવતું હોવાના દાવા વચ્ચે પશુઓના એક પછી એક મોત નિપજવાના બનાવોએ રસીકરણ ઉપર પણ શંકા જન્માવી છે.

### જવાનપુર વિસ્તારમાં દોઢ મહિનામાં ૫૦થી વધુ ગાયોના મોત

હિંમતનગર તાલુકાના જવાનપુરા વિસ્તારમાં લમ્પી રોગચાળાના ફેલાવા વચ્ચે ૫૦થી પણ વધુ ગાયોના મોત નિપજ્યા હોવાનું પશુપાલકો જણાવી રહ્યા છે. ખાસ કરીને આ વિસ્તારમાં માલધારી પરિવારોની ગાયોના વધુ મોત નિપજ્યાં છે પરંતુ પશુપાલન વિભાગે ગાયોના વધતા જતા મોત બાબતે ચૂપકીદી સાધી લીધી છે.